
**ગામડામાં વિનાશ વેરતો વરસાદ** | **તેજ ગતિએ ફૂકાયેલા પવનથી ખેતરોમાં ઉભો પાક આડો પડી જતાં ખેડૂતોને પારાવાર નુકસાન**

# મધ્ય ગુજરાતમાં મધરાત્રે તોફાની વાવઝોડા સાથે વરસાદ

વડોદરા : મધ્ય ગુજરાતના અનેક તાલુકાઓમાં મધરાત્રીએ અચાનક ધૂળની ડમરીઓ, ભારે પવન અને કમોસમી વરસાદે તબાહી મચાવી હતી. વાવાઝોડાની અસરથી અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા, જ્યારે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખાસ કરીને ઉનાળુ ડાંગરની ખેતી કરતા ખેડૂતો માટે આ વરસાદ આફત સમાન સાબિત થયો છે. કાપણી બાદ ખેતરો અને ઘર આંગણે સૂકવવા માટે રાખવામાં આવેલો ડાંગર પલળી જતાં ખેડૂતોની મહિનાઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે. કેટલાક ખેડૂતો તો ડાંગરના ગુણો ભરી બજારમાં વેચાણ માટે જવાની તૈયારીમાં હતા, પરંતુ અચાનક આવેલા વરસાદે તમામ આયોજન ખોરવી નાખ્યું હતું. બીજી તરફ પશુપાલકોને પણ ભારે ફટકો પડ્યો છે. પશુઓના ચારા માટે સંગ્રહ કરાયેલ ઘાસચારો અને ગાંસડીઓ વરસાદમાં પલળી જતાં આગામી દિવસોમાં પશુઓના નિભાવ અંગે ચિંતા ઊભી થઈ છે. ખેડૂતોનું કહેવું છે કે પલળેલી ડાંગરને બજારમાં પૂરતો ભાવ મળવાની શક્યતા ઓછી હોવાથી આર્થિક નુકસાની વધુ ગંભીર બની શકે છે.

## સાવલી તાલુકામાં મોડી રાત્રે ભારે પવન ફૂંકાયો, ગાજવીજ સાથે વરસાદી ઝાપટું પડતા વીજ પુરવઠો ખોરવાયો



**સાવલી :** સાવલી તાલુકામાં ગત મોડી રાત્રે અચાનક વાતાવરણમાં ભારે પલટો આવતા ગાજવીજ, તેજ પવન અને વરસાદી ઝાપટાં સાથે પ્રી-મોન્સૂન માહોલ સર્જાયો હતો. વરસાદ અને ઠંડા પવનના કારણે સમગ્ર તાલુકામાં ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને મોટી રાહત મળી હતી, જ્યારે ખેડૂતોમાં ચોમાસું વહેલું અને સાનુકૂળ બેસશે તેવી આશા જાગી છે. રાત્રે અંદાજે બે વાગ્યાના સુમારે અચાનક આકાશમાં ઘેરા વાદળો છવાઈ ગયા હતા અને તેજ પવન સાથે વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. પવનના કારણે કેટલાક વિસ્તારોમાં ઘરોના પતરા ઉડી જવાની ઘટનાઓ પણ બની હતી. ત્યારબાદ વીજળીના કડાકા-ભડાકા વચ્ચે વરસાદી ઝાપટાં વરસતાં વાતાવરણમાં નોંધપાત્ર ઠંડક પ્રસરી હતી. સામાન્ય વરસાદી ઝાપટાં છતાં સાવલી નગર સહિત વિવિધ ગામોમાં વીજળી કલાકો સુધી ગુલ રહેતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. સ્થાનિકોમાં એવી ચર્ચા ઉઠી છે

## બોડેલીના જબુગામ જબુગામ પાસે વીજ વાયર તૂટતા રેલવે વ્યવહાર ખોરવાયો, અનેક ટ્રેનો રદ કરવામાં આવી



**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લામાં મધરાત્રે ફૂંકાયેલા ભારે પવન અને વાવાઝોડાના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. જબુગામ નજીક રેલવે ટ્રેક ઉપર પસાર થતી વીજ લાઇનનો વાયર તૂટી પડતાં તેમજ ટ્રેક પર વૃક્ષની ડાળી પડતાં રેલવે વ્યવહાર ખોરવાઈ ગયો હતો. સુરક્ષાના ભાગરૂપે કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, મોડી રાત્રે અચાનક આવેલા વાવાઝોડાના કારણે જબુગામ પાસે રેલવે ટ્રેક પર વીજ પુરવઠાની લાઇનને નુકસાન પહોંચ્યું હતું. સાથે જ વૃક્ષની મોટી ડાળી પણ ટ્રેક પર પડી જતાં ટ્રેન વ્યવહારને અસર પહોંચી હતી. ઘટનાની જાણ થતાં રેલવે વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મરામતની કામગીરી હાથ ધરી હતી. બીજી તરફ વાવાઝોડાએ જિલ્લાના ખેડૂતોને પણ મોટો ફટકો પહોંચાડ્યો છે. ખાસ કરીને કેળના પાકને ભારે નુકસાન થયું હોવાનું પ્રાથમિક અંદાજ છે. અનેક વિસ્તારોમાં કેળના છોડ ધરાશાયી થતાં ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

## ઉનાળુ ડાંગર અને ઘાસચારો પલળતાં પંચમહાલના ખેડૂતો આર્થિક સંકટમાં



**ગોધરા :** પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકા સહિતના વિસ્તારોમાં મધરાત્રીએ અચાનક ધૂળની ડમરીઓ, ભારે પવન અને કમોસમી વરસાદે તબાહી મચાવી હતી. વાવાઝોડાની અસરથી અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા, જ્યારે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખાસ કરીને ઉનાળુ ડાંગરની ખેતી કરતા ખેડૂતો માટે આ વરસાદ આફત સમાન સાબિત થયો છે. કાપણી બાદ ખેતરો અને ઘર આંગણે સૂકવવા માટે રાખવામાં આવેલો ડાંગર પલળી જતાં ખેડૂતોની મહિનાઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે. કેટલાક ખેડૂતો તો ડાંગરના ગુણો ભરી બજારમાં વેચાણ માટે જવાની તૈયારીમાં હતા, પરંતુ અચાનક આવેલા વરસાદે તમામ આયોજન ખોરવી નાખ્યું હતું. બીજી તરફ પશુપાલકોને પણ ભારે ફટકો પડ્યો છે.

## કાલોલ શહેરમાં અચાનક રાત્રીના દોઢ વાગ્યાના સુમારે કડાકા ભડાકા સાથે મેઘરાજાની એન્ટ્રી



**કાલોલ :** ગતરોજ મોડી રાત્રીના સમયે કાલોલ શહેર સહિત તાલુકાના વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો જ્યાં અચાનક કડાકા ભડાકા અને ભારે પવનના સૂસવાટા સાથે વરસાદી ઝાપટાં પડતા લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી કાલોલ શહેર સહિત તાલુકાના વિસ્તારોમાં તાપમાન સતત ઊંચું રહેતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે રાતના દોઢ વાગ્યાના અરસામાં વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરી દીધી છે ત્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. જ્યાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના જિલ્લામાં વરસાદી ઝાપટાં પડતા લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાન સતત ઊંચું રહેતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

## ગત મધરાત્રે વરસેલા વરસાદમાં લીમખેડા નજીક વટેડા ગામમાં મકાન ધરાશાયી



**લીમખેડા :** લીમખેડા તાલુકાના વટેડા ગામના ભાભોર ફળિયામાં મોડી રાત્રે કુદરતી આફત ત્રાટકી હતી. ભારે પવન અને વાવાઝોડા સાથે વીજળીના કડાકા-ભડાકા વચ્ચે થયેલી મેઘરાજાની એન્ટ્રીએ એક વિધવા મહિલાના પરિવારને રઝળતો કરી દીધો છે. ભાભોર ફળિયામાં રહેતા ગેમાબેન મલાભાઈ ભુરીયા પોતાના પરિવાર સાથે નળિયાવાળા મકાનમાં નિદ્રાવસ્થામાં હતા, તે સમયે અચાનક વાતાવરણ પલટાતા ફૂંકાયેલા તેજ પવન અને વાવાઝોડાને કારણે તેમનું મકાન ધરાશાયી થયું હતું."ઘટના સમયે ઘરમાં ગેમાબેન ઉપરાંત તેમના પુત્રની વહુ, દીકરી, પુત્ર તથા 3 માસ, ના ,3 વર્ષ ના તથા 5 વર્ષના એમ કુલ 3 બાળકો સૂતા હતા. મકાન ધરાશાયી થતાં જ ઘરમાં ચીસાચીસ અને બૂમાબૂમ મચી ગઈ હતી. અવાજ સાંભળી આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## બોડેલી તાલુકામાં મધરાત્રે ફૂંકાયેલા પવનથી કેળના પાકને ભારે ભરખમ નુકસાન થતા ખેડૂતોને નુકસાન



**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લામાં મધરાત્રે વરસાદી માહોલ વચ્ચે ફૂંકાયેલા તેજ પવનના કારણે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખાસ કરીને બોડેલી તાલુકાના જબુગામ સહિતના વિસ્તારોમાં કેળના પાકને સૌથી વધુ અસર પહોંચી હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, મધરાત્રે અચાનક તેજ ગતિએ પવન ફૂંકાતા કેળના ખેતરોમાં સીધો ફટકો પડ્યો હતો. અનેક ખેતરોમાં કેળના છોડ જમીનદોસ્ત થઈ ગયા હતા, જ્યારે કેટલાક ખેતરોમાં ફળ સાથેના છોડ તૂટી પડતા ખેડૂતોની વર્ષભરની મહેનત પર પાણી ફરી વળ્યું છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર કેળનો પાક તૈયાર થવાના આરે હતો અને આગામી દિવસોમાં વેચાણની આશા હતી. પરંતુ પવનના કારણે મોટા પ્રમાણમાં પાકને નુકસાન થતાં આર્થિક નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. નુકસાનગ્રસ્ત ખેડૂતોમાં ભારે નિરાશા અને ચિંતા જોવા મળી રહી છે.

---

**પાણીની આશામાં અશ્રુરૂપી પાણી વહેડાવતી લાચાર મહિલાઓ**

# ફતેપુરાના જગોલામાં ૭૦૦ની વસ્તી ધરાવતા માળ ફળિયામાં પાણીના સ્ત્રોત સૂકાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

ગુજરાતને વિકાસ અને સમૃદ્ધિના મોડેલ તરીકે રજૂ કરવામાં આવે છે, પરંતુ મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોની વાસ્તવિકતા આજે પણ અનેક મૂળભૂત પ્રશ્નો સામે સવાલો ઉભા કરે છે. ફતેપુરા તાલુકાના ડુંગરાળ વિસ્તાર સ્થિત જગોલા ગામના માળ ફળિયામાં પીવાના પાણીની ગંભીર સમસ્યાએ ગ્રામજનોનું જીવન દુષ્કર બનાવી દીધું છે.જગોલાનું માળ ફળિયું મુખ્ય તળેટી વિસ્તારથી અંદાજે બે થી ત્રણ કિલોમીટર દૂર ડુંગરાળ વિસ્તારમાં આવેલું છે.ઉનાળાની ગરમી વચ્ચે ગામના તમામ



જળસ્ત્રોત સૂકાઈ જતાં લોકો માટે પાણી મેળવવું મોટો પડકાર બની ગયું છે. વિધિની વક્રતા જુઓ કે ગામમાં આવેલા હેન્ડપંપ, કૂવા તેમજ કુદરતી કોતરો સંપૂર્ણપણે સૂકાઈ ગયા છે. એટલું જ નહીં આ ફળિયામાં અંદાજે 25 જેટલા બોર હોવા છતાં હાલમાં એક ટીપું પાણી પણ ઉપલબ્ધ નથી.

ભૂગર્ભ જળસ્તર સતત નીચે ઉતરી જતાં ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જેના પગલે કેટલાક પરિવારો પાસે પાણી સંગ્રહ માટે ટાંકીની સુવિધા ન હોવાના કારણે કૂવામાં ટેન્કર દ્વારા પાણી ઠાલવવાની ફરજ પડી રહી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ એક ટેન્કર માટે 1200 થી 1500 રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડે છે. જે ખૂબ જ દયનીય અને આર્થિક ફટકો તેમ છે.

**ગરબાડાના ગાંગરડા ગામની દુઃખદ ઘટના**

# બે મકાનોમાં આગ ભભૂકી ઉઠતા ઘરવખરી બળીને ખાક

(પ્રતિનિધિ) ગરબાડા, તા.31

ગરબાડા તાલુકાના ગાંગરડા ગામેથી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામના ખારીવાવ ફળિયામાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતા બે પરિવારોના આશિયાના પળવારમાં બળીને ખાખ થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, ચૌહાણ માનસિંગભાઈ ભરતભાઈ અને બચુભાઈ ભરતભાઈના મકાનોમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બંને મકાનો સંપૂર્ણપણે આગની ઝપેટમાં આવી ગયા હતા. આગમાં ઘરની ઘરવખરી, અનાજ, કપડાં અને અન્ય કિંમતી સામાન બળીને



રાખ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે આગની તીવ્રતા વધુ હોવાથી તેમના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. બાદમાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી, જેના કારણે વધુ નુકસાન અટકાવી શકાયું હતું.

**પાવી જેતપુર ગામમાં ખુલ્લા વીજ વાયરો બન્યા જોખમરૂપ**

# ખંડિયા અમાદાર ગામે આગની ઘટના બાદ ખેડૂતોમાં રોષ સાથે વિરોધ કરાયો

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.31

પાવીજેતપુર તાલુકાના ખંડિયા અમાદાર ગામે પવનના કારણે વીજ વાયરો એકબીજા સાથે ભેગા થઈ જતા તેમાંથી નીકળેલા તણખાઓથી નીચે પડેલા ઘાસના પૂરમાં આગ લાગી હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ ઘટનાએ ખેડૂતોમાં ભારે રોષ ફેલાવ્યો છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર પાવીજેતપુર તાલુકાના અનેક ગામોમાં ખુલ્લા અને નીચા લટકતા વીજ વાયરો અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. વીજ વાયરોને ઊંચા કરવા અથવા ખુલ્લા વાયરોને કેબલમાં ફેરવવા માટે અનેક વખત વીજ કંપની સમક્ષ રજૂઆતો કરવામાં આવી



હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે આવી આગની ઘટનાઓ વારંવાર બનતી રહે છે અને ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડે છે. ખેડૂતોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે જો કોઈ ખેડૂતના કારણે વીજ પોલને નુકસાન થાય તો વીજ કંપની તાત્કાલિક કાર્યવાહી કરે છે, પરંતુ વીજ કંપનીની બેદરકારીના કારણે ખેડૂતોને નુકસાન થાય ત્યારે તેની જવાબદારી કોણ લેશે? આ સાથે ખેડૂતો દ્વારા વધુ એક મહત્વની માંગ કરવામાં આવી છે કે પાવીજેતપુર વિસ્તારમાં આગ જેવી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે ફાયર બ્રિગેડ અથવા પાણીના બમ્બાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવે. હાલ આવી કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી આગની ઘટનામાં સમયસર નિયંત્રણ મેળવવામાં મુશ્કેલીઓ સર્જાય છે.

---

**દાહોદ રેલવે સ્ટેશન માટે નવું આયોજન : રેલવે સ્ટેશનમાં આવનારા સમયમાં મોટા ફેરફારોની તૈયારી**

# ઈન્દોર લાઈનથી ગુડ્સ કોરિડોર સુધી બદલાશે વ્યવસ્થા.!

આ આયોજન અમલમાં આવશે તો દાહોદ રેલવે સ્ટેશન પર ટ્રેનોના સંચાલનમાં વધુ સુવ્યવસ્થા, ટ્રાફિક મેનેજમેન્ટ માં સુધારો અને મુસાફરોને વધુ સુવિધા મળી શકે છે.

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

દાહોદ રેલવે સ્ટેશન પર આવનારા સમયમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળી શકે છે. રેલવે વિભાગ દ્વારા સ્ટેશનના ટ્રેક અને પ્લેટફોર્મના વધુ સુવ્યવસ્થિત




ઉપયોગ માટે આયોજન પર કામ ચાલી રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. મળતી માહિતી મુજબ, ભવિષ્યમાં ઈન્દોર-દાહોદ રેલ લાઈન માટે પ્લેટફોર્મ નંબર-1 અનામત રાખવાની યોજના છે. જ્યારે પ્લેટફોર્મ નંબર-1ની નજીક આવેલા ટ્રેક નંબર-2 અને 3 નો ઉપયોગ યાર્ડ અથવા ટ્રેન પાર્કિંગ માટે કરવામાં આવી શકે છે.તે ઉપરાંત પ્લેટફોર્મ નંબર-2 અને 3 સાથે જોડાયેલા ટ્રેક નંબર-4 અને 5 ને પેસેન્જર ટ્રેનોના સંચાલન માટે ફાળવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રેલવેના સંભવિત આયોજન મુજબ ટ્રેક નંબર-6 અને 7 નો ઉપયોગ ગુડ્સ ફ્રેઈટ કોરિડોર માટે કરવામાં આવશે, જેથી માલગાડીઓના સંચાલનને વધુ સુગમ બનાવી શકાય તેમ છે. જ્યારે પ્લેટફોર્મ નંબર-4 સાથે જોડાયેલા ટ્રેક નંબર-8 નો ઉપયોગ મુંબઈથી ઈન્દોર તરફ જતી ટ્રેનો તેમજ MEMU, DEMU અને ઈન્ટરસિટી જેવી મુસાફર ટ્રેનોના સંચાલન માટે થવાની શક્યતા છે.

જો આ આયોજન અમલમાં આવશે તો દાહોદ રેલવે સ્ટેશન પર ટ્રેનોના સંચાલનમાં વધુ સુવ્યવસ્થા, ટ્રાફિક મેનેજમેન્ટ માં સુધારો અને મુસાફરોને વધુ સુવિધા મળી શકે છે. જોકે, હાલ આ આયોજન પર કામ ચાલી રહ્યું હોવાનું સામે આવ્યું છે અને સત્તાવાર જાહેરાત બાદ જ સ્પષ્ટ ચિત્ર સામે આવશે.

# પૂનમ અને રવિવારના સંયોગે પાવાગઢ મહાકાળી મંદિરે યાત્રાળુઓનો ઘસારો



હાલોલ : યાત્રાધામ પાવાગઢ ખાતે આજે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ જોવા મળ્યો હતો. જેઠ મહિનાની પૂનમ અને રવિવારની રજાનો સંયોગ બનતાં મહાકાળી માતાના દર્શન માટે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ પાવાગઢ મહાકાળી મંદિર પરિસરમાં ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ "જય માતાજી"ના નાદ સાથે ભક્તો પગપાળા તેમજ વાહનો દ્વારા ડુંગર ચઢીને મંદિર સુધી પહોંચતા જોવા મળ્યા હતા.

**સાવલી તાલુકાના મુવાલ ગામની ઘટના**

# ખેતરમાં ખેડાણ દરમિયાન ટ્રેક્ટર પલટી ખાતા ચાલકનું કરુણ મોત

(પ્રતિનિધિ) સાવલી, તા.31

સાવલી તાલુકાના મુવાલ ગામની સીમમાં ખેતરમાં ટ્રેક્ટર વડે ખેડાણ કરતી વખતે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં 55 વર્ષીય ટ્રેક્ટર ચાલકનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર મુવાલ ગામના રહેવાસી રમણભાઈ ઉદેસિંહ નાયક (ઉ.વ. 55) પોતાના ખેતરમાં ટ્રેક્ટર વડે ખેડાણ કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ટ્રેક્ટરનું સંતુલન બગડતાં ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રેક્ટરના ટાયરના ભાગ નીચે રમણભાઈ દબાઈ ગયા હતા, જેના કારણે તેમને



ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના ખેતરોમાં કામ કરતા લોકો અને ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે, સ્થાનિકોએ બચાવ કામગીરી હાથ ધરી તે પહેલાં જ રમણભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં સાવલી પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.